જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૦૧/૨૦૨૫ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૧ લીટર દેશી દારૂ, ૩૩૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ કન્ટેનર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૮,૭૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૨/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૩/૨૦૨૫

**ઇસનપુરઃ** કિંજલબહેન ઉર્ફે સ્વીટી વા/ઓ ચેતનકુમાર ઠક્કર (ઉ.વ.૩૮) (રહે. શ્રી નાથ બંગ્લોઝ રામવાડી પાસે ઇસનપુર) એ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી કરણકુમાર અશોકભાઇ ઠક્કર (રહે. જીવાજી નમ્ર પાર્ક આઇ.સી.આઇ.સી.આઇ બેંક પાસે બોડેલી જી.છોટાઉદેપુર) એ કિંજલબહેન ઉર્ફે સ્વીટી ઠક્કરના ભાઈને ગાડી લે-વેચનો ધંધો સેટ કરી અપાવવાની લાલચ આપી વિશ્વાસમા લઈ કિંજલબહેન ઉર્ફે સ્વીટી ઠક્કર પાસેથી રૂપિયા ૫૧,૦૦૦,૦૦/- મેળવી લઈ ધંધો સેટ નહી કરી આપતા આપેલ નાણાં પરત માંગતા રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- પરત આપી બાકી નિકળતા રૂપિયા ૩૫,૦૦,૦૦૦/- પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઈ.એસ.પઠાણ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪/૨૦૨૫**

**રામોલઃ** સંજયકુમાર દીનેશચન્દ્ર જયસ્વાલ (ઉ.વ.૬૭) (રહે. શિવશાંતિ સોસાયટી ગણેશ હોમ્સ સામે વસ્ત્રાલ ચાર રસ્તા રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૫ કલાક ૨/૩૦ થી કલાક ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૫/૨૦૨૫**

**માધવપુરાઃ** સુલેમાનભાઇ જીવાભાઇ ઘાંચી (ઉ.વ.૫૬) (રહે.ગામ-સમી ઘાંચી મસ્જીદ પાસે તા.સમી જી.પાટણ) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે આર.ટી.ઓ.સર્કલથી એચ.બી.કાપડીયા સ્કુલ માધવપુરા સિધીની શટલ ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ડ્રાઇવરની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ સુલેમાનભાઇ ઘાંચીની નજર ચુકવી સુલેમાનભાઇ ઘાંચીના થેલામાંથી રોકડ રૂપિયા ૧,૦૯,૪૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬/૨૦૨૫**

**રાણીપઃ** આશિષભાઈ મનસુખભાઈ સોનીગ્રા (ઉ.વ.૪૧) (રહે. આરોહણ ફલેટ કાશીબા રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયમલભાઇ પુંજાભાઇ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કિશનસીંગ રણવીરસીંગ તોમર (ઉ.વ.૨૫) (રહે. સુંદરસીંગની ચાલી ગલી નંબર-૩ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લોખંડની પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઈ સુકાભાઈ ચલાવે છે.

**નરોડાઃ** હિતેશ સ/ઓ અમૃતભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૮) (રહે. પ્રજાપતિ કોલોની વિભાગ-૧, કુમાર શાળાની બાજુમાં નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૧/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૦૪/૦૧/૨૦૨૫ કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફતેસિંહ દેવુસિંહ ચલાવે છે.

**બાપુનગરઃ** દક્ષાબહેન વા/ઓ રાકેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૦) (રહે. શક્તિનગર સોસાયટી સાંઇબાબા મંદિર પાસે નવલખા બંગલા રોડ બાપુનગર) એ બિમારીથી કંટાળી તા.૦૩/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે રખિયાલ નારાયણા મલ્ટી સ્પે.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.પ્રજાપતિ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી